RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 41* Date: 07.12.2020 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મોદી સરકારના કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

# આંદોલન કરતા ખેડૂતો નકલી, અસલી ખેડૂતો ખેતરમાં છેઃ કૈલાશ ચૌધરી

**સરકાર એમએસપી પર લેખિત બાંહેધરી આપવા તૈયાર, વિપક્ષથી ગેરમાર્ગે ન દોરાતાં, ભારત બંધથી દેશનું આર્થિક નુકસાન થશે અને મને વિશ્વાસ છે કે ખેડૂત દેશમાં અશાંતિ ફેલાવનારું કોઈ પગલું નહીં ભરે**





*ન્યુ દિલ્હી,તા.૬*

કિસાન સંગઠનો સાથે કેટલાંક રાઉન્ડની વાતચીત પરિણામ વગરની રહ્યા બાદ કેન્દ્ર સરકાર થોડીક નરમ પડી છે. કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી કૈલાશ ચૌધરીએ કહ્યું કે સરકાર લેખિતમાં આપી શકે છે કે ટેકાના ભાવ યથાવત રખાશે. જો કે ચૌધરીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે કિસાન આંદોલનને ડિસક્રેડિટ કરતાં તેમણે લાગતું નથી કે આ અસલી ખેડૂત છે. ચૌધરી એ કહ્યું કે હું માનતો નથી કે આ અસલી ખેડૂત છે, અસલી ખેડૂત તો પોતાના ખેતરમાં કામ કરી રહ્યો છે. તેઓ આ અંગે ચિંતિત છે. તેમણે આરોપ મૂકયો કે કેટલાંક રાજકીય લોકો આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યા છે અને દેશના ખેડૂત નવા કાયદાઓના સમર્થનમાં છે.

ચૌધરીએ કહ્યું કે મને લાગે છે કે કોંગ્રસ સરકાર અને વિપક્ષ ખેડૂતોને ભડકાવી રહ્યું છે. દેશના ખેડૂત આ કાયદાની સાથે છે પરંતુ રાજકીય લોકો આગમાં ઘી હોમવાની કોશિષમાં છે. મને પીએમ મોદીના નેતૃત્વ અને ખેડૂતો પર પૂરો વિશ્વાસ છે. મને વિશ્વાસ છે કે ખેડૂત કોઈ એવો નિર્ણય કરશે નહીં જેનાથી દેશમાં કયારેય અશાંતિ થાય. આ કાયદાથી તેમને આઝાદી મળી છે. મને નથી લાગતું કે આ અસલી ખેડૂત છે, અસલી ખેડૂત તો પોતાના ખેતરોમાં કામ કરી રહ્યા છે.

ખેડૂત સંગઠનોએ શનિવારના રોજ કેન્દ્ર સરકારની સાથે બેઠકમાં સ્પષ્ટ કહી દીધું હતું કે તેઓ પાછળ હટશે નહીં. ખેડૂત નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓની વચ્ચે મીટિંગમાં ખૂબ જ ગરમાગરમી થઈ. સ્થિતિ એટલી બગડી કે અંદાજે દોઢ કલાક સુધી ખેડૂત નેતાઓએ મૌન વ્રત' રાખ્યું હતું. મામલો એટલો વધી ગયો કે મંત્રીઓ અધવચ્ચે બેઠક છોડીને જતા રહ્યા. બાદમાં તેઓ એ બતાવતા પાછા ફર્યા કે આગળના રાઉન્ડની વાતચીત ૯ ડિસેમ્બરના રોજ થશે. ખેડૂત સંગઠનોએ ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. ખેડૂત આંદોલનોને વિભિન્ન રાજકીય પક્ષોનું સમર્થન પણ મળી રહ્યું છે તેનાથી મોદી સરકાર માટે પડકારો મોટા થઈ ગયા છે.

ઉલ્લેખનીય છે કૃષિ સાથે જોડાયેલા ત્રણ કાયદાઓને પાછા લેવાની માંગણી પર અડિયલ ખેડૂતોનું આંદોલન રવિવારના રોજ સતત ૧૧મા દિવસે ચાલુ છે. દિલ્હીના સરહદો પર પંજાબ, હરિયાણા સહિત દેશના બીજા ભાગોમાંથી આવેલા પ્રદર્શનકારી ખેડૂત દટાયેલા છે. ખેડૂત સંગઠન આગામી મંગળવારના રોજ ભારત બંધને સફળ બનાવામાં લાગ્યા છે. ખેડૂત નેતાઓએ કહ્યું કે તેમનું આ આંદોલન હવે માત્ર પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશ સુધી સીમિત રહ્યું નથી, પરંતુ તેમનું સ્વરૂપ દેશવ્યાપી બની ચૂકયું છે અને તેની તસવીર ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધ દરમ્યાન સ્પષ્ટ દેખાશે.

## દેશના ખૂણે-ખૂણે વેક્સિન પહોંચાડવા વાયુસેનાએ કમર કસી

*ન્યુ દિલ્હી,તા.૬*

આવનારા દિવસોમાં ભારતમાં કોરોના સામે વેક્સિન આપવાના અભિયાનની શરુઆત થાય તેવા એંધાણ મળી રહ્યા છે ત્યારે દેશના ખૂણે ખૂણે વેક્સિન પહોંચાડવા માટે ભારતીય વાયુસેનાએ કમર કસી છે.

મળતી વિગતો પ્રમાણે વાયુસેનાએ પોતાના ટ્રાન્સપોર્ટ પ્લેન અને હેલિકોપ્ટર સહિતના ૧૦૦ એરક્રાફ્ટ વેક્સિનનુ વિતરણ કરવા માટે તૈયાર કરી લીધા છે.એવુ મનાઈ રહ્યુ છે કે, દેશના અંતરિયાળ વિસ્તારોમાં વેક્સિન પહોંચાડવા માટે તેને વિમાન થકી પહોંચાડવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.આ બાબતને ધ્યાનમાં રાખીને વાયુસેનાએ ત્રણ અલગ-અલગ પ્રકારના વિમાનોને પસંદ કર્યા છે.જે આ કામમાં મદદ કરી શકે તેમ છે.

ખાસ વાત એ છે કે, ફાર્મા કંપનીઓ પાસેથી રસી લઈને ૨૮૦૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજ સુધી પહોંચાડવા માટેની જવાબદારી વાયુસેનાના મહાકાય વિમાનો સી-૧૭ ગ્લોબમાસ્ટર, સી-૧૩૦ જે સુપર હરક્યુલિસ અને આઈએલ ૭૬ નિભાવશે.નાના સેન્ટરો માટે વાયુસેનાના એએન ૩૨ અને ડોર્નિયર પ્રકારના પ્રમાણમાં નાના વિમાનોને તૈનાત કરવામાં આવશે.આ સિવાય એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર, ચીતા અને ચીનૂક હેલિકોપ્ટરની પણ મદદ લેવાશે.

સરકારની યોજના શરુઆતના તબક્કે કોરોના સામે કામ કરનારા વોરિયર્સ અને બીમાર તેમજ વૃધ્ધ સહિત ૩૦ કરોડ લોકોને વેક્સિન આપવાની છે.

આ પહેલા ૨૦૧૮માં પણ વાયુસેનાએ રુબેલા અને મીઝલ્સની રસી પહોંચાડવા માટે મોટી ભૂમિકા ભજવી હતી.

### રશિયાના મોસ્કોમાં કોરોના રસીકરણ શરૂ

## ફાઇઝરે ભારતમાં કોરોના વેક્સિનના ઇમરજન્સી ઉપયોગ માટે માગી મંજૂરી





*ન્યુ દિલ્હી,તા.૬*

ભારતમાં ઉપલબ્ધ થનાર કોરોના વાયરસની પહેલી રસી ફાઈઝરની હોઈ શકે છે. ફાઈઝર ઈન્ડિયા એ પોતાની રસીના ઈમરજન્સી યુઝ ઓથોરાઈઝેશન માટે ડ્રગ કંટ્રોલર જનર ઓફ ઈન્ડિયાસામે અપ્લાય કર્યું છે. ભારતમાં આમ કરનાર આ પહેલી કંપની છે. તેની પેરેન્ટ કંપનીને યુનાઈટેડ કિંગડમ અને બહરીનમાં આવી મંજૂરી મળી ચૂકી છે. જો DCGI પાસેથી ફાઈઝર ઈન્ડિયાને મંજૂરી મળી જાય છે તો ભારતમાં ઉપલબ્ધ થનાર આ પહેલી રસી હોઈ શકે છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ પણ DCGI પાસેથી પોતાની રસી માટે આવી જ મંજૂરી માંગી છે. કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની રસી Covishield માટે મંજૂરી માંગે છે.

ઈમરજન્સી યુઝ ઓથોરાઈઝેશન એટલે કે EUA વેક્સીન અને દવાઓ, એટલે સુધી કે ડાયગ્નોસ્ટિક ટેસ્ટસ અને મેડિકલ ડિવાઈસીસ માટે પણ લેવાય છે. ભારતમાં તેના માટે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન રેગ્યુલેટરી બોડી છે. વેકસીન અને દવાઓ માટે આવી અપ્રૂવલ તેમની સેફ્ટી અને અસરની આકરણી બાદ અપાય છે. તેના માટે ક્લિનિકલ ટ્રાયલ્સના ડેટાને આધાર બનાવામાં આવે છે. સામાન્ય રીતે વેક્સીનને અપ્રૂવલ મેળવવામાં કેટલાંય વર્ષો લાગે છે. અત્યાર સુધી સૌથી ઓછો અગ્રૂપલ સમય સાડા ચાર વર્ષ હતો. ઈમરજન્સી સ્થિતિઓમાં જેવું કે અત્યારે છે. દુનિયાભરના દેશોમાં એવી વ્યવસ્થા છે કે દવાઓ અને રસીને વચગાળાની મંજૂરી આપી શકે જો તેની અસરના પૂરતા પુરાવા હોય તો. ફાઈનલ અપ્રૂવલ આખા ડેટાના એનાલિસિસ બાદ જ મળે છે.

ફાઈઝર ઈન્ડિયાએ ૪ ડિસેમ્બરના રોજ અરજી કરી છે. આ રસી જર્મન ફાર્મા કંપની બાયોએનટેકના સાથે મળી બનાવવામાં આવી છે. આ mRNA જેવી એડવાન્સ તકનીક પર આધારિત છે. રસીનું કોડનામ મ્હ૧૬૨હ્વ૨ છે. આ રસીનું એફેકસી ડેટા દર્શાવે છે કે તે ૯૫% સુધી અસરદાર છે, પરંતુ ભારતમાં તેનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી. ભારતમાં આ રસીનો ઉપયોગ કરવા માટે કંપનીએ તે જ ડેટા આપવો પડશે જે તેણે યુકે રેગ્યુલેટરની સમક્ષ મૂક્યો હતો.

ફાઈઝરની રસીમાં સૌથી મોટી સમસ્યા કોલ્ડ સ્ટોરેજ છે. તેને -૭૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાને સ્ટોર કરવી પડે છે. ભારત જેવા દેશમાં આવા નીચા તાપમાને રસી સંગ્રહ કરવાનું કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે મહામારીના સમયમાં કંપની સરકારી કરાર દ્વારા જ રસી સપ્લાય કરશે. રસીની કિંમત યુ.એસ. માં પણ ૪૦ ડોલરથી વધુ છે, એવામાં ભારતની તેની કિંમત વધુ રહી શકે છે.

બે દેશોમાં ફાઈઝરની રસીની મંજૂરીની વચ્ચે કંપનીના સીઈઓ ડો.આલ્બર્ટ બુર્લાએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હજી સુધી તે સ્પષ્ટ નથી થયું કે જે લોકો રસી લેશે તેઓ ચેપને વધુ આગળ ફેલાવશે કે નહીં. તેમણે એનબીસી સાથે વાતચીતમાં કહ્યું કે તેના પર વધુ તપાસની જરૂર છે, અત્યારે હમણાં જેટલી ખબર છે તેના આધાર પર તે કંઈપણ કન્ફર્મ કહી શકે નહીં.

### જો ભાજપ સાથે હોત તો આજે હું સીએમ બની ગયો હતો

## કોંગ્રેસ સાથે ગઠબંધન સરકાર બનાવવી મારી સૌથી મોટી ભૂલઃ કુમારસ્વામી

*બેંગ્લુરુ,તા.૬*

જનતાદળ (સેકુલર)ના નેતા એચ.ડી.કુમારસ્વામીએ કોંગ્રેસ અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા પર ખૂબ પ્રહારો કર્યા છે. એચ.ડી.કુમારસ્વામી એ કહ્યું કે કર્ણાટકમાં સરકાર બનાવા માટે કોંગ્રેસની સાથે ગઠબંધન કરીને તેમણે સૌથી મોટી ભૂલ કરી હતી. અમારી પાર્ટી જનતા દળ (સેકુલર) દ્વારા કોંગ્રેસને સાથ આપતા અમે જનતાનો વિશ્વાસ ગુમાવી દીધો.

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી.કુમારસ્વામીએ કહ્યું કે તેઓ કોંગ્રેસની 'જાળ'માં ફસાઇ ગયા હતા અને સિદ્ધારમૈયા નું ષડયંત્ર સમજી શકયા નહોતા. તેમણે સિદ્ધારમૈયાને ભાજપ સાથે મોટી છેતરપિંડી કરી.

કુમારસ્વામીના આરોપને કોંગ્રેસ નેતા અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા એ જવાબ આપતા કહ્યું કે કુમારસ્વામી જુઠ્ઠું બોલવામાં માહેર છે. આંસુ વહાવા તેમના પરિવારની જૂની આદત છે. કુમારસ્વામીએ એક પત્રાકાર પરિષદમાં કહ્યું ક હું મુખ્યમંત્રી તરીકે ૨૦૦૬-૦૭માં રાજયની પ્રજાનો જે વિશ્વાસ પ્રાપ્ત કર્યો અને તેણે ૧૨ વર્ષ સુધી તક યથાવત રખી હતી. તે કોંગ્રેસની સાથે ગઠબંધન કરીને ગુમાવી દીધું. કુમારસ્વામીએ આગળ કહ્યું કે અમેકોંગ્રેસ સાથે કયારેય હાથ મળ્યો નહીં. કારણ કે કોંગ્રેસ જનતા દળને ભાજપની 'B' ટીમ ગણાવીને ચૂંટણી પ્રચાર કર્યો હતો. અમે જો ભાજપ સાથે ગઠબંધન કર્યું હોત તો હું આજે મુખ્યમંત્રી હોત. પરંતુ તેમની પર્ટીના અધ્યક્ષ એચડી.દેવગૌડાની સલાહ પર ગઠબંધન સરકાર બનાવા માટે રાજી થયા હતા. તેમણે વધુમાં કહ્યું કે મારી પાર્ટીને પોતાની મજબૂતી ગુમાવી તેનું પરિણામ ભોગવવું પડી રહ્યું છે. હું દેવગૌડાની ભાવનાઓના લીધે જાળમાં ફસાઇ ગયો હતો.

જો કે કુમારસ્વામીએ સ્પષ્તા કરી કે દેવગૌડાને તેમનાથી કોઇ દ્વેષ નહોતો કારણ કે તેઓ ધર્મનિરપેક્ષ ઓળખના પ્રત્યે પોતાના પિતાની પ્રતિક્રિયાને સમજે છે અને તેનું સમ્માન કરે છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૮ની કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં જ્યારે કોઇ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી નથી તો એકબીજાની વિરૂદ્ધ ચૂંટણી લડનાર કોંગ્રેસ અને જનતા દળ એ મળીને સરકાર બનાવી હતી અને કુમારસ્વામીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. બંને પાર્ટીઓએ ગયા વર્ષે ૨૦૧૯મા મળીને લોકસભા ચૂંટણી, ત્યારબાદ ગઠબંધનમાં આંતરિક મતભેદ પેદા થઈ ગયો અને કેટલાંક ધારાસભ્યોની બગાવતના લીધે ગઠબંધ સરકાર પડી ગઈ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ૧૪૫૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૨૧૯૭૮૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૧૪૮૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૨૦૦૧૧૨**

### મોસાદ કમાન્ડરની પોતાના જ દેશમાં હત્યા

## ઈરાને લીધો બદલો.!, ઈઝરાયલમાં મોસાદનો કમાન્ડર ઠાર, વિડીયો થયો વાયરલ

*તહેરાન,તા.૬*

ઈઝરાયલથી આવી રહેલા અહેવાલો મુજબ જાણવા મળી રહ્યું છે કે એક ૪૫ વર્ષીય ઈઝરાયલી નાગરિકની હત્યા કરવામાં આવી છે. ઈરાની મીડિયામાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ઠાર મારવામાં આવેલ શખ્સ ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદના વરિષ્ટ કમાન્ડર હતો. જાણવા મળી રહ્યું છે કે આ હત્યાકાંડ ગુરુવારના રોજ ઈઝરાયલની રાજધાની તેલઅવીવમાં સર્જાયો હતો. સોશિયલ મીડિયામાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈરાનની જાસૂસી ટીમે મોસાદના અધિકારીની હત્યા કરીને ઈરાની પરમાણુ વૈજ્ઞાનિકની હત્યાનો બદલો લીધો છે.

ઈરાની મીડિયામાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ઠાર મારવામાં આવેલ મોસાદ અધિકારીનું નામ ફહમી હિનાવી હતું. આ હત્યાકાંડનો એક વિડીયો પણ હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો છે. આ વીડિયો વાયરલ થતા સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યી છે ઈરાની પરમાણુ વૈજ્ઞાનિક મોહસિન ફખરીજાદેહની હત્યા બાદ આ ઈરાનની જવાબી કાર્યવાહી હતી.

ઈરાનના એક સરકારી ટીવી ચેનલ પ્રેસ ટીવી દ્વારા માલ્ટ રિપોર્ટ મુજબ મૃતક ઈઝરાયલના મોસાદનો અધિકારી હતો. ઈઝરાયલી નાગરિક તેલઅવીવમાં રેડ લાઈટ પર પોતાની કારમાં હતો, આ દરમ્યાન તેની ગાડી પર ૧૫ ગોળીઓ મારવામાં આવી. જાણવા મળી રહ્યું છે એક હુમલાખોરો હુમલો કર્તાની સાથે જ તુરંત ફરાર થવામાં સફળ થયા હતા. કેટલાંક અન્ય વીડિયોમાં જોવા મળે છે કે એક કાર રસ્તા વચ્ચે ઉભી રહે છે અને તેની ચારે બાજુ પોલીસનો મજબૂત કાફલો છે. હજુ એ વાતની સ્પષ્ટતા નથી થઈ શકી કે વિડીયો તુરંત બાદનો છે કે નહિ. એટલું જ નહિ ઘટનાસ્થળના ફોટા પણ સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવી રહી છે. આ તસ્વીરોમાં જોઈ શકાય છે કે કારણ દરવાજા પર ગોળીઓ વાગેલ છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ એજ કાર છે જેમાં મોસાદનો અધિકારી બેઠા હતા અને તેમના પર હુમલો થયો હતો. હજુ સુધી સમગ્ર ઘટના પર ઈઝરાયલની કોઈ પ્રતિક્રિયા કે કોઈ સત્તાવાર નિવેદન કરવામાં આવ્યું નથી.એટલું જ નહિ ઈઝરાયલી મીડિયામાં પણ કોઈ માહિતી આપવામાં નથી આવી.

## તંત્રી સ્થાનેથી...

# સ્માર્ટફોનમાંથી સિક્રેટ ડેટા કેવી રીતે ડિલિટ કરવા?

*સ્ટોરેજ ઓછુ પડે છેપ સ્લો પડી ગયો છેપ હેન્ગ થઈ જાય છેપ'' જેવા કારણો આગળ ધરીને ઊંચા કન્ફીગ્યુરેશનનાં નવા મોંઘા સ્માર્ટફોન આજકાલ ધડ દઈને ખરીદી લેવામાં આવે છે. એટલે જ; વર્ષ ૨૦૨૨ની સાલ સુધીમાં સ્માર્ટફોનની સંખ્યા આપણા દેશમાં વધીને ૪૪ કરોડ થઈ જવાનું તારણ એક સર્વેક્ષણ દરમિયાન નીકળ્યું છે. હકીકતમાં તો કોઈપણ સ્માર્ટફોનનું આયુષ્ય મિનીમમ ૪ થી ૫ વર્ષ હોય છે, પરંતુ આંકડા એવું બોલે છે કે ૩૦% જેટલા યુઝર્સ પોતાનાં ફોનને એકાદ વર્ષમાં જ બદલી નાખે છે. જો બિનઉપયોગી, નકામા અને ફાલતુ ડેટાને ફોનમાંથી જડમૂળથી ડીલીટ કરી આપતી એપ નિયમિત રીતે વાપરવાની ટેવ પાડીએ તો આવા ક્ષુલ્લક કારણોસર નવો ફોન ખરીદવાની કદાચ જરૂર પણ ન પડે અને પૈસા પણ બચે.*

*જ્યારે સ્માર્ટફોનમાંથી આપણે અનાવશ્યક ડેટાને ડીલીટ કરીએ છીએ ત્યારે ઓપરેટીંગ સિસ્ટમ ફક્ત તે ડેટાનો સંદર્ભ દૂર કરે છે, પરંતુ વાસ્તવિક ડેટા તો સ્ટોરેજમાં પડ્યો જ રહે છે. આવી અધકચરી રીતે રોકાયેલી સ્ટોરેજ-સ્પેસને થોડાથોડા સમયે ડીલીટ કરતાં રહીએ તો ફોન સ્લો પડવાનો કે હેન્ગ થવાનો પ્રોબ્લેમ ઘણાબધા અંશે દૂર થઈ શકે છે. આ માટે પ્લે-સ્ટોરમાં એક ખૂબ જ જાણીતી એપ્લીકેશન હાજર છે. પ્રોટેક્ટસ્ટાર નામની અમેરિકા સ્થિત કંપનીએ ડેવલપ કરેલી **iShredder™ Android® 6** નામની એપ્લીકેશન ફોનનાં સ્ટોરેજને એકદમ સાફસુથરો અને સલામત રાખવા માટે જગમશહુર છે.*

*જો તમે **iShredder™ Android® 6** એપ ખરીદી હોય તો તે તમારા સ્માર્ટફોનનાં સ્ટોરેજની ચોખ્ખાઈનું ચીવટપૂર્વક ધ્યાન રાખે છે. આ એપ્લીકેશન નિયમિત રીતે વાપરનાર યુઝરનાં ફોનની સ્પીડ અને પરફોર્મન્સમાં ખાસ્સો વધારો થતો હોવાથી નવો ફોન ખરીદવા પાછળ નાહકનો ખર્ચો કરવો પડે તેવી શક્યતા સાવ ઓછી થઈ જાય છે.*

***iShredder™ Android® 6** સ્માર્ટફોનમાં સ્ટોર થયેલા **SMS, MMS**, ઈમેજીસ, વિડિયોઝ, ડોક્યુમેન્ટસ, નોટ્સ, પાસવર્ડ, કોન્ટેક્ટ બુક, કેલેન્ડર, બુકમાર્ક્સ, ટેમ્પરરી કેશ મેમરી ડેટા, **WhatsApp** ડેટા તથા ઈમેઈલ્સને દેશદુનીયાનાં અનેક સત્તામંડળો દ્વારા માન્યતાપ્રાપ્ત એલગોરીધમથી એવા તો કચડી નાખે છે કે તેને ફરીવાર રિસ્ટોર કરવા અસંભવ બની જાય છે. ડેટાને આ રીતે ડીલીટ કર્યો હોવાથી તમારો ફોન અન્ય કોઈના હાથમાં જાય તો પણ તમારા પર્સનલ અને સિક્રેટ ડેટા બાબતે કોઈ પણ ચિંતા રાખવાની જરૂર રહેતી નથી. **iShredder™ Android® 6** દ્વારા સ્માર્ટફોનનાં આંતરિક સ્ટોરેજ ઉપરાંત **SD** કાર્ડ અને **USB** ડ્રાઈવમાંથી પણ ડેટાનું હમેંશ માટે નામોનિશાન મિટાવી શકાય છે.*

*ડેટાને કાયમી ધોરણે ડીલીટ કરવા માટે **iShredder™ Android® 6** સિવાય પણ બીજી અનેક એપ્લીકેશન્સ પ્લે-સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. ચીન અને પાકિસ્તાન સ્થિત ડેવલપર દ્વારા નિર્મિત અનેક એપ્લીકેશન્સ પણ પ્લે-સ્ટોર પર જોવા મળે છે.*

*તમારા ફોનમાં વાહિયાત ડેટા ક્યાંથી ઠલવાય છે તે જરા ચકાસો. ચોક્કસપણે તે **WhatsApp** જ હોવાનું. આ હકીકત ખુદ **WhatsApp**નાં ડેવલપર પણ સ્વીકારે જ છે. એટલે જ; **WhatsApp**નાં માધ્યમે ઘૂસી જતાં નકામા ડેટાનાં વર્ગીકરણ અને સાફસૂફી માટેનાં એક નવા ફીચરને ઉમેરવાની તૈયારી ચાલુ કરી દેવામાં આવી છે.*

***WhatsApp**માં હવે શું ફેરફારો અને ફીચર્સ આવશે તેની માહિતી આપતી **WABetaInfo.com** વેબસાઈટ ઉપર ઉરહૂંજછૅની આગામી અપડેટમાં સ્ટોરેજ સેક્શનને લગતા કેવા સુધારાઓ કરાશે તેની જાણકારી થોડા સમય પહેલા જોવા મળી હતી. આ સેક્શનમાં ફોટો અને વિડીયો, ફોરવર્ડેડ ફાઈલ્સ અને લાર્જ ફાઈલ્સ તથા સૌથી છેલ્લે ચેટ જેવા વિભાગોમાં કેટલી ડેટા સ્પેસ રોકાયેલી છે તેની વિગતો દર્શાવવાનું અને ડીલીટ કરવાનો વિકલ્પ આપવાનું આયોજન કરાયું છે. આ નવું ફીચર લોન્ચ થઈ જશે પછી સ્માર્ટફોનની સ્પીડ જાળવી રાખવા અને વારંવાર હેન્ગ થતો અટકાવવામાં યુઝરને ઘણી સુગમતા રહેશે તેવું મોબાઈલ નિષ્ણાતોનું માનવું છે. જો કે **WhatsApp**નાં આ ફીચરથી **iShredder™ Android® 6** માફક ડેટાની હસ્તી કાયમી ધોરણે મિટાવી દઈ શકાય તેવી કોઈ શક્યતા નથી.*

*સ્લો પડી ગયેલા અથવા હેન્ગ થઈ જતાં જૂના ફોનથી કંટાળેલા યુઝર પોતાનો જૂનો ફોન નજીકની કોઈ વ્યક્તિને ગીફ્ટ કરી દેશે અથવા તો વેચી દેશે એ વાત પાક્કી છે. પરંતુ; નવાં ફોન પાછળ પૈસા ખર્ચતા પહેલા યુઝરે એકવાર **iShredder™ Android® 6** એપ ઈન્સ્ટોલ કરીને તેનાથી ફોનની સ્પીડ અને પરફોર્મન્સ કેટલા વધે છે તે ચેક અવશ્ય કરવું જોઈએ. શક્ય છે કે નવો ફોન ખરીદવાની જરૂર જ ન પડે. આમ છતાં; જો નવા ફોન પાછળ ખર્ચ કરવાનું તમે નક્કી કરી જ લીધું હોય તો પોતાનો જૂનો ફોન કોઈને સોંપતા પહેલા તેમાં રહેલા તમારા પસર્નલ, ગુપ્ત કે સવેદનશીલ ડેટાને ક્યારેય રીકવર ન થઈ શકે તેવી રીતે **iShredder™ Android® 6** એપ દ્વારા ડીલીટ કરવાની કાળજી લેવાનું ભૂલશો નહી.*

# વારાણસીમાં વિધાન પરિષદની ચૂંટણીમાં બે બેઠકો પર ભાજપની હાર

ન્યુ દિલ્હી,તા.૬

પીએમ મોદીના ગઢ વારાણસીમાં જ ભાજપને ચૂંટણી મોરચે મોટો આંચકો ખમવો પડ્યો છે. પાર્ટીને વિધાન પરિષદની ચૂંટણીમાં વારાણસી મત વિસ્તારની બે બેઠકો પર હારનો સામનો કરવાનો વારો આવ્યો છે.આ બંને બેઠકો પૈકી એક શિક્ષક માટે અને એક સ્નાતક માટે અનામત હતી.આ બંને બેઠકો પર સમાજવાદી પાર્ટીના ઉમેદવારોને જીત મળી છે.

વિધાન પરિષદની ચૂંટણીમાં ભાજપને ૧૧ બેઠકો પૈકી ચાર પર, સપાને ત્રણ અને અપક્ષ ઉમેદવારને બે બેઠકો પર જીત મળી છે.હજી બે બેઠકના પરિણામ આવવાના બાકી છે.પીએમ મોદીના મત વિસ્તારમાં સપાને બે બેઠકો પર મળેલી જીતથી ઘણાને આશ્ચર્ય થયુ છે.

ભારતમાં છ રાજ્યો એવા છે જયાં વિધાનસભાની સાથે વિધાન પરિષદ એમ બે સદનની પરંપરા ચાલે છે.યુપીની વિધાન પરિષદમાં ૧૦૦ સભ્યો છે.આ પૈકીની ૧૧ બેઠકો માટે એક ડિસેમ્બરે મતદન થયુ હતુ.વિધાન પરિષદના આ સભ્યોનો કાર્યકાળ ૬ મેના રોજ જ સમાપ્ત થઈ ગયો હતો પરંતુ કોરોનાની મહામારીના કારણે ચૂંટણી સ્થગિત કરવી પડી હતી.

# એનસીપી નેતા શરદ પવારનું નિવેદન જલ્દી સમાધાન ન થયું તો દેશભરના કિસાન આંદોલનમાં બીજા રાજ્યોના ખેડૂતો સામેલ થશે



મુંબઈ,તા.૬

કેન્દ્ર સરકારની સાથે પાંચ રાઉન્ડની વાતચીત અસફળ રહ્યાં બાદ કિસાનોએ હવે ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરી છે. ઘણા રાજકીય પક્ષોએ તેનું સમર્થન કર્યું છે તો કોઈ નેતાઓએ કિસાન આંદોલનને લઈ ચિંતા વ્યક્ત કરી છે. એનસીપી અધ્યક્ષ શરદ પવારનું કહેવુ છે કે જો જલદી સમાધાન ન થયું તો દેશભરના કિસાન પંજાબ-હરિયાણાના કિસાનોની સાથે આંદોલનમાં સામેલ થઈ જશે.

શરદ પવારે કહ્યુ, પંજાબ અને હરિયાણાના કિસાન ઘઉં અને ધાનના મુખ્ય ઉત્પાદક છે અને તે પ્રદર્શન કરી રહ્યાં છે. જો સ્થિતિનું સમાધાન ન કરવામાં આવ્યું તો જલદી દેશભરના કિસાન તેમની સાથે સામેલ થઈ જશે. જ્યારે બિલ પાસ કરવામાં આવી રહ્યું હતું તો અમે વિનંતી કરી હતી કે તેમણે ઉતાવળ ન કરવી જોઈએ.

કૃષિ બિલને લઈને શરદ પવાર બોલ્યા, બિલને સિલેક્ટ કમિટી પાસે મોકલવાની જરૂર હતી અને તેના પર ચર્ચાનની જરૂર હતી પણ તેમ ન થયું અને બિલ પાસ થઈ ગયું. હવે સરકારને તે ઉતાવલ ભારે પડી રહી છે.

# આઈપીએલ-૧૪ માટે બે નવી ટીમને સામેલ કરવા અંગે બીસીસીઆઈમાં અસમાનતા

મુંબઈ,તા.૬

આઈપીએલ-૧૪ માટે બે નવી ટીમને સામેલ કરવા અંગે બીસીસીઆઈમાં એકમત નથી. અધ્યક્ષ સૌરવ ગાંગુલી અને સચિવ જય શાહ સહિત કેટલાક ટોચના અધિકારી ટીમોને સામેલ કરવા માગે છે, જ્યારે બીજા કેટલાકને શંકા છે. ૨૪ ડિસેમ્બરે મળનારી એજીએમમાં અંતિમ નિર્ણય લેવાશે. બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે, 'નવી ટીમને સામેલ કરવા માટે સમય ઘણો ઓછો છે. આટલા ટૂંકા ગાળામાં ટેન્ડર, ખેલાડીઓની હરાજી વગેરે મુશ્કેલ છે.

ટીમ સાથે સંકળાયેલા તમામ સ્ટેકહોલ્ડરને આટલા ઓછા સમયમાં એક પ્લેટફોર્મ પર ભેગા કરવા મુશ્કેલ છે. અમારું માનવું છે કે, નવી ટીમ આઈપીએલ ૨૦૨૨ માટે જોડવી જોઈએ. લીગની ૧૪મી સિઝન એપ્રિલમાં શરૂ થશે. જુના અધિકારી પણ ૨૦૨૨ પહેલા નવી ટીમ જોડવાના આઈડિયા સાથે સહમત નથી. અધિકારીએ કહ્યું કે, 'બ્રોડકાસ્ટ ડીલ આઈપીએલ-૨૦૨૧ પછી સમાપ્ત થઈ જશે. ત્યાર પછી ટીમને જોડવાથી બ્રોડકાસ્ટિંગ રાઈટ્સ અને અન્ય કોમર્શિયલ પાર્ટનરશિપથી થતી રકમ પણ આપમેળે વધી જશે.

બીજા અધિકારીએ કહ્યું કે, ૮ના સ્થાને ૧૦ ટીમ થવાથી ૯૪ મેચ થશે. જો બીસીસીઆઈની એજીએમમાં નવી ટીમ ઉમેરવાનો નિર્ણય લેવાશે તો એક ફ્રેન્ચાઈઝી અમદાવાદની હશે. બીજી ટીમ લખનઉ કે કાનપુરની હશે. પુણે પણ રેસમાં છે. રિપોર્ટ્સ મુજબ ૯મી ટીમ અદાણી કે સંજીવ ગોયન્કા ગ્રુપઆરપીએસજીની હોઈ શકે છે.

# શ્રીનગરમાં આતંકવાદીઓનો પોલીસ પાર્ટી પર ગોળીબાર, એક જવાન સહિત બેને ઈજા

*શ્રીનગર,તા.૬*

રવિવારે શ્રીનગરના હવાલ વિસ્તારમાં આતંકવાદીઓએ કરેલા ગોળીબારમાં એક પોલીસ અને નાગરિક સહિત બે લોકોને ઈજા પહોંચી છે. પોલીસના જણાવ્યા મુજબ રવિવારે સવારે હવાલ ચોક વિસ્તારમાં આતંકવાદીઓએ ખુલ્લેઆમ ગોળીબાર કર્યો હતો.

પોલીસ પાર્ટી પર કરવામાં આવેલા ગોળીબારમાં એક પોલીસ જવાન તેમજ એક નાગરિકને ઈજા પહોંચી છે. ઘાયલોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

હુમલા બાદ આતંકવાદીઓની સઘન શોધખોળ માટે સમગ્ર વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો હતો.

# દેશમાં કુલ કોરોના કેસ ૯૬ લાખને પારઃ મૃત્યુઆંક ૧.૪૦ લાખથી વધુ

*ન્યુ દિલ્હી,તા.૬*

દેશમાં કેટલાક રાજ્યોને બાદ કરતા કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે બહાર પાડેલા લેટેસ્ટ આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૬,૦૧૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કોરોના કુલ કેસનો આંકડો ૯૬,૪૪,૨૨૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૪,૦૩,૨૪૮ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જયારે ૯૧,૦૦,૭૯૨ દર્દીઓ સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૪૮૨ લોકોના મૃત્યુ થયા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧,૪૦,૧૮૨ થયો છે.

## દુનિયાભરમાં ગરીબોની સંખ્યા એક અબજ પર પહોંચી જશે

# કોરોનાના કારણે ૨૦૩૦ સુધીમાં ૨૦ કરોડ લોકો ગરીબીમાં ધકેલાઈ જશે

યુએન,તા.૬

દુનિયાભરમાં કોરોનાના કહેરની દુરોગામી અસરો જોવા મળી શકે છે.યુનાઈડેટ નેશન્સના નવા સ્ટડીમાં સામે આવ્યુ છે કે, ૨૦૩૦ સુધીમાં કોરોનાના કારણે ૨૦ કરોડ લોકો અત્યંત ગરીબ થઈ જશે.જો આવુ થયુ તો દુનિયાભરમાં ગરીબોની સંખ્યા એક અબજ પર પહોંચી જશે.

આ સ્ટડીમાં કોરોનાના કારણે વિવિધ ક્ષેત્ર પર પડી રહેલી અસરો અને તેનો આગામી એક દાયકા સુધી કેવો પ્રભાવ રહેશે તે બાબત પર ભાર મુકવામાં આવ્યો છે.સ્ટડીમાં કહેવાયુ છે કે, મહામારી પહેલા દુનિયામાં વિકાસની રફતારને ધક્કો પહોંચ્યો છે.કોરોના ફેલાયો તે પહેલા જે અનુમાન હતુ તેના કરતા ૪ કરોડ જેટલા વધારે લોકો ગરીબીમાં ધકેલાઈ જશે.૨૦૩૦ સુધીમાં કુલ ૨૦ કરોડ લોકો વધારે ગરીબ બનશે. દુનિયાભરના દેશોની સરકારો કોરોનાનો સામનો કરવા માટે કયા પ્રકારના વિકલ્પો અપનાવે છે અને તેની શું અસર પડે છે તેના પર પણ અંતિમ પરિણામ જોવા મળી શકે છે.કોરોનાના કારણે દુનિયાભરના અર્થતંત્રો પર જે અસર પડી છે તેના કારણે ભૂખમરો વધવાની પણ સંભાવના છે.આ જ રીતે વિદ્યાર્થીઓના શિક્ષણ પર પણ કોરોનાની મહામારી ગંભીર અસર પાડી રહી છે.

## આદિપુરુષનાં રાવણ સૈફ અલી ખાને કહ્યું

# અમે સમજાવવાનો પ્રયત્ન કરીશું કે આખરે કેમ રાવણે સિતાનું અપહરણ કર્યું હતું

મુંબઈ,તા.૬

આદિપુરુષમાં રાવણ બનેલા સૈફ અલી ખાનના વિવાદિત નિવેદન ઉપર ઘમાસાન મચ્યુ છે. સૈફ અલી ખાને પોતાની આવનારી ફિલ્મ આદિપુરુષને લઈને વિવાદિત નિવેદન આપ્યુ છે. પછી સોશિયલ મીડિયામાં આ ફિલ્મ અને સૈફ અલી ખાનના બહિષ્કારની માગ કરી રહ્યા છે. દક્ષિણના જાણીતા અભિનેતા પ્રભાસની આવનારી ફિલ્મ આદિપુરુષને લઈને જોરદાર તૈયારી કરી રહ્યા છે. બોલિવૂડની સૌથી મોટી ફિલ્મ બતાવવામાં આવી રહી છે. આ આદિપુરુષને લઈને દરેક લોકો ખુબ જ ઉત્સાહિત છે. ફિલ્મમાં સૈફ અલી ખાન લંકેશ બનીને દરેકને ડરાવવા માટે તૈયાર દેખાઈ રહ્યો છે. હજુ ફિલ્મ બનવાની શરૂ પણ નથી થઈ.

પરંતુ પોતાના એક નિવેદનના કારણે સૈફ ફરી એક વાર વિવાદમાં સપડાય ગયો છે. જાણીતા નિર્માતા ઓમ રાઉત રામાયણની કહાની ઉપર મોટા બજેટની ફિલ્મ આદિપુરુષ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકામાં બાહુબલી સ્ટાર પ્રભાસ, સીતાના પાત્રમાં કૃતિ સેનન જયારે રાવણની ભૂમિકામાં સૈફ અલી ખાન જોવા મળશે. ફિલ્મ પર કામ હજુ શરૂ કરવામાં આવ્યું નથી ત્યાં સૈફ અલી ખાનના એક નિવેદનથી લોકો નારાજ થયા છે. અભિનેતા સૈફ અલી ખાન રાવણના પાત્ર માટે ખુબ જ તૈયારી કરી રહ્યો છે.

એક ખાનગી ચેનલના ઈન્ટરવ્યુંમાં સૈફ અલી ખાને જણાવ્યું હતું કે તે આ રોલ માટે ઉત્સાહિત છે. સૈફ અલી ખાને કહ્યું હતું કે, આવા રાક્ષસનું પાત્ર ભજવવામાં મજા આવશે. અમે આ પાત્રને થોડુ વધારે મજેદાર બનાવીશું. અમે સમજાવવાનો પ્રયત્ન કરીશું કે આખરે કેમ રાવણે સિતાનું અપહરણ કર્યું હતું. સૈફ અલી ખાને વધુમાં કહ્યું હતું કે અમે આ ફિલ્મને ખુબ જ મનોરંજક બનાવવાના છીએ. સીતાનું અપહરણ અને રામની સાથે થયેલા યુદ્ધના કારણને અમે ક્લિયર કરતા તેની બહેન માટેના બદલાની ભાવનાની સાથે જોડીને બતાવવાના છીએ.

## મમતાને શરણાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ નથી

# જાન્યુઆરી ૨૦૨૧થી નાગરિકતા સુધારો કાયદો લાગુ થવાની સંભાવના : કૈલાસ વિજયવર્ગીય

*કોલકાત્તા,તા.૬*

પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી થવાની છે. તેને જોતા ભાજપે રણનીતી બનાવવાનું શરૂ કર્યું છે. પાર્ટીના જનરલ સેક્રેટરી અને બંગાળના પ્રભારી કૈલાશ વિજયવર્ગીયે કહ્યું છે કે જાન્યુઆરી સુધીમાં સરકાર નાગરિકતા સંશોધન અધિનિયમ(CAA) લાગુ કરી શકે છે. તેમણે મમતા બેનર્જી સરકાર પર આરોપ લગાવતા એ પણ કહ્યું છે કે તેમને શરણાર્થીઓ માટે સહાનુભૂતિ નથી. સરકાર સારા ઈરાદાથી પાડોશી દેશોમાંથી આવેલા શરણાર્થીઓને નાગરિકતા





આપવા માટે CAA પાસ કરી ચૂકી છે.

આ અંગે તૃણમૂલ કોંગસના મંત્રી ફરહદ હકીમે કહ્યું ભાજપને નાગરિકતાને લઈને શું લેવાદેવા છે. જે લોકોએ મત આપવાના છે તે નાગરિક જ નહિ હોય તો વિધાનસભા ચૂંટણીમાં કઈ રીતે મતદાન કરી શકશે. ભાજપે લોકોને મૂર્ખ બનાવવાનું બંધ કરવું જોઈએ.

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારમાંથી રાજીનામુ આપી ચૂકેલા પૂર્વ મંત્રી સુવેંદુ સરકાર ભાજપમાં સામેલ થઈ શકે છે. ભાજપ સાંસદ અર્જુન સિંહે તેના સંકેત આપ્યા છે. બીજી તરફ મમતા બેનર્જી પણ આ મામલામાં સખ્ત વલણ અપનાવ્યું છે.

મમતાએ શનિવારે સાંજે કહ્યુ- જે પાર્ટી છોડીને જવા માંગે છે, તેઓ બિલકુલ જઈ શકે છે. અમે પાર્ટી વિરોધી પ્રવૃતિને બિલકુલ સહન કરીશું નહિ. સુવેંદુને પશ્ચિમ બંગાળના પ્રભાવી નેતા માનવામાં આવે છે અને તેમનો લાંબા સમયથી પાર્ટી સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વિવાદ ચાલી રહ્યો છે.

# ગ્વાલિયરમાં માસ્ક ન પહેરનારને કોરોના પર નિબંધ લખવાની સજા

ગ્વાલિયર,તા.૬

કોરોનાના વધતા જતા સંક્રમણ વચ્ચે પણ ઘણા લોકો માસ્ક પહેરી રહ્યા નથી.ભારતમાં મોટાભાગના રાજ્યોમાં લોકોને માસ્ક પહેરતા કરવાનુ તંત્ર માટે માથાના દુખાવા રુપ સાબિત થઈ રહ્યુ છે. આ સ્થિતિમાં મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં માસ્ક નહીં પહેરનારાને ઓપન જેલમાં રાખવાની અને કોરોના પર નિબંધ લખવાની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગ્વાલિયરના રુપસિંહ સ્ટેડિયમમાં આ ઓપન જેલ ઉભી કરવામાં આવી છે.શનિવારે માસ્ક પહેર્યા વગર પકડાયેલા ૨૦ લોકોને આ જેલમાં મોકલવામાં આવ્યા હતા અને તેમને કોરોના પર નિબંધ પણ લખવો પડ્યો હતો. તંત્રનુ કહેવુ છે કે, લોકો સોશ્યલ ડિસ્ટન્સિંગનુ પાલન કરી રહ્યા નથી.માસ્ક વગર ફરી રહ્યા છે અને ખાસ કરીને યુવા વર્ગ ગાડીઓમાં માસ્ક વગર જ ફરે છે. કેટલાક લોકો દેખાડા ખાતર ગળામાં માસ્ક લટકાવે છે.આ સંજોગોમાં લોકો સાવધ રહે તે જરુરી છે.

તંત્રના આદેશ પ્રમાણે જે પણ માસ્ક વગર ફરતા પકડાશે તેમને સ્ટેડિયમમાં બનાવાયેલી ઓપન જેલમાં લાવવામાં આવશે.અહીંયા તેમને કોરોના પર નિબંધ લખવો પડશે અને એ પછી તેમનો છૂટકારો થશે.

# મેલાનિયા ટ્રમ્પને છૂટાછેડા આપે તેવી કોઈ સંભાવના નથીઃ ભૂતપૂર્વ સલાહકાર

*વૉશિંગ્ટન,તા.૬*

અમેરિકન રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની હાર બાદ બહાર આવ્યું છે કે તેમની પત્ની મેલાનિયા ટ્રમ્પ ટૂંક સમયમાં જ છૂટાછેડા લઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ મેલાનિયા તેમના ૧૫ વર્ષ જૂના સંબંધોને તોડી નાંખશે. હવે મેલાનિયાના પૂર્વ સલાહકાર સ્ટેફની વિન્સ્ટન વૉકઑફએ છૂટાછેડાના સમાચારો અંગે મોટો દાવો કર્યો છે.

મેલાનિયા ટ્રમ્પના ભૂતપૂર્વ સલાહકાર સ્ટેફની વિન્સ્ટન વૉકઑફએ દાવો કર્યો છે કે મેલાનિયા ડોનાલ્ડ ટ્રમ્પને છૂટાછેડા આપે તેવી સંભાવના નથી. તેમણે કહ્યું, "ડોનાલ્ડ ટ્રમ્પના પદ છોડ્યા બાદ મેલાનિયા તેમને પોતાના પ્રોજેક્ટસમાં સામેલ કરશે અને તેમનાથી અલગ થવાની કોઈ યોજના બનાવી રહ્યા નથી.

આપને જણાવી દઈએ કે સ્ટેફનીએ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી વ્હાઈટ હાઉસમાં મેલાનિયાના સલાહકાર તરીકે કામ કર્યું હતું. સ્ટેફની પહેલી વખત મેલાનિયાને ત્યારે મળ્યા હતા જયારે તેઓ ૨૦૦૩ની સાલમાં ડોનાલ્ડ ટ્રમ્પને ડેટ કરી રહ્યા હતા. તાજેતરમાં જ સ્ટેફનીએ 'મેલાનીયા એન્ડ મીઃ ધ રાઈઝ એન્ડ ફોલ ઓફ માઈ ફ્રેન્ડશીપ વિથ ધ ફર્સ્ટ લેડી' પુસ્તકમાં ઘણાં ઘટસ્ફોટ કર્યા હતા.

પેજ સિક્સે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે મેલાનિયાના આ પ્લાનિંગમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સાથ આપી રહ્યા છે અને તેમને આ કામ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. રિપોર્ટમાં કહ્યું હતું કે મેલાનિયા ટ્રમ્પની આ 'સ્ટોરી' એક મોટી રકમ એકત્રિત કરી શકે છે.

# અમદાવાદમાં ૨૫૮ દિવસમાં ૪૧૮૮૫ લોકોએ જાહેરનામાનો ભંગ કર્યો

અમદાવાદ,તા.૬

કોરોના શરૂ થતાં સરકાર તરફથી લોકડાઉન આપવામાં આવ્યું હતું. તે દરમિયાન અને અનલૉક શરૂ થતાં ઘણી બધી બાબતોમાં પાબંધી મૂકવામાં આવી હતી. તે માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, ત્યારે અમદાવાદમાં અત્યાર સુધી ૪૧૮૮૫ લોકોએ જાહેરનામાનો ભંગ કર્યો છે. જે બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ૨૫૮ દિવસમાં ૪૧૮૮૫ લોકોની ધરપકડઅમદાવાદમાં પોલીસ તરફથી જાહેરનામું ભંગ કરનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ભીડ ભેગી કરવી, કરફ્યૂનો અમલ ના કરવો વગેરે જેવી બાબતો અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૨૪ માર્ચથી ૫ ડિસેમ્બર સુધીમાં પોલીસ જાહેરનામા ભંગ બદલ ૩૩૦૯૬ ગુના નોંધીને ૪૧૮૮૫ લોકોની ધરપકડ કરી છે.

# સાહિત્ય સરિતા

## રસભરી રસીદ

" એને ઝેરોક્ષ આપી રસીદ લેતો આવજે.. સોસાયટીનો મેઈન્ટેનન્સનો ચેક એમ જ ન આપી દેતી,રસીદ માંગજે..આ પાવતી સાચવીને રાખી મૂકજો, મહત્વની છે."

આ રસીદ, પાવતી ,એક્નોલેજમેન્ટ... કેટલાં મહત્વ ના શબ્દો બની ગયા છે આપણી વ્યવહારુ જીવનમાં!! ક્યારેક એમાંથી કોઈક આપણા આયખામાં હોય એવું છાનું છાનું આપણે ઈચ્છીએ પણ? છીએ.

આ રસીદ એટલે દર વખતે ખુલ્લે આમ પ્રદર્શન એવું પણ નહીં,ફક્ત એનું દિલથી દીધેલી દાદ પણ પર્યાપ્ત થઈ જાય છે. રોજ બરોજની જીંદગીમાં આવા નાનાં નાનાં ઉલ્લેખ પણ? આ રસીદ કે પહોંચ પાવતી નું અજબ કામ કરે છે .

વાર પરબે થતી મિજબાની માટે તો ખરું જ ,પણ પગમાં જાણે પવનપાવડી પહેરી હોય એમ કામ પાર પાડતી માનુનીને ફક્ત " આજે મસ્ત દાળ બની ' તી"કે "આજના શાકને ઓફિસમાં સૌએ બહુ જ વખાણ્યું" એમ? કોઈ કોઈ વાર કહી તો જુઓ..એક જાદુઈ ચમક આવી જશે એ પહોંચ પાવતી લેનારના ચહેરા પર..આખા દિવસનો થાક વરાળ થઈને ઊડી જશે..

આવી નાની નાની વાતો એક જાદુઈ છડી નું કામ કરશે.પેપર નાખવા આવતા કિશોરને ,"આજે જલ્દી પેપર લાવ્યો ,થેંક્યુ બેટા " કે દૂધ આપવા આવનાર ને કદીક " ગુડ મોર્નિંગ " કહી જોજો...એમની ગતિમાં
જ રસીદ દેખા દેશે.

સાવ નાનકડા ભૂલકાને પણ કોઈ વધાવે એ ગમે અને
જીવન સંધ્યાએ પહોંચેલાને તો એની તલબ રહે છે.આ રસીદ કે કદર માટે ?ખાસ કંઈ નથી કરવાનું હોતું પણ બચ્ચાઓને થોડીક તાળી કે એક પ્યારભરી પપ્પી જ કાફી હોય છે.જ્યારે સીનીયર સીટીઝનને ખભે એક થપકી કે એમનો હાથ પકડી ધીમેથી પંપાળી જોજો.આ અનુભવ રસીદ આપનાર માટે પણ યાદગાર બની રહેશે ...

વરસોથી મારા ઘરે કામ કરનારી સુશીલાની પૌત્રીએ રસ્તામાં મળતા જ ચરણસ્પર્શ કર્યા,"સરસ સંસ્કાર આપ્યા છે દાદીએ.આયુષ્યમાન થજે". સુશીલા હરખથી અભિભૂત થઈ ઊઠી,"તમારી સાથે રહીને જ શીખી છું ,બેન ! " આમ રસીદની આપ લે થઈ અને દિલ ખુશખુશાલ ..

વરસો પહેલાં ગુજરાતીના શિક્ષિકાએ કરેલા નિબંધ ના વખાણ આજે ય લખતી વખતે કાનમાં ગૂંજે છે.ત્યાર બાદ મળેલી દરેક દાદ એ રસીદને જ આભારી છે એમ લાગતું હતું હોય છે. પ્રશંસા તો? પ્રભુ ને પણ પ્યારી હોય છે ને!! નાની નાની વાતોને બિરદાવી જોજો, તમારી આસપાસનું વાતાવરણ જ બદલાઈ જશે..

દિવાળીની જ વાત કરું તો મારી શાકવાળી શકુ સારી સાડી પહેરીને આવી.એને જોતાં જ મેં કહ્યું,"અરે વાહ શકુ, આજે તો હિરોઈન લાગે છે હં.. બહુ સરસ સાડી છે તારી, સાથે પાછી મેચીન્ગ બંગડીઓ પણ .." શકુનો ચહેરો એની રસીદની ચાડી ખાતો હતો.મને ખાતરી છે કે એ આખો દિવસ શકુ મોજમાં જ રહી હશે!!નાના કે મોટાં બધાં જ આ રસીદ કે પહોંચ પાવતીની દિલના એક ખૂણામાં ચાહ સમાવીને જ બેઠાં હોય છે. નાનાં હોઈએ ત્યારથી જ પૂછાતા હોય છે આવા પ્રશ્નો.. મમ્મી ગમે કે પપ્પા,દાદી ગમે કે નાની???...અને પસંદગી પામનાર એ નાના ભૂલકાને રસીદ આપવા બદલ વહાલથી નવડાવી દે છે ..

બે સફરજન હાથમાં લઈને આખા ઘરમાં એક બાળક મસ્તી કરી રહ્યું હતું.એક સફરજન એણે ખાવાની શરૂઆત કરી ત્યારે મમ્મીએ બીજું માંગતા એણે બીજા સફરજનમાં પણ પોતાની દંતછાપ ઉભારી.મમ્મીની ફરી માંગ થતાં એણે પહેલું સફરજન આપી કહ્યું," મમ્મી,આ વધારે મીઠું છે ! "મિનીટ પહેલાં આવેલો બધો રોષ ઓગાળી મમ્મીએ એને ચુંબનોની રસીદ આપી દીધી ..

આમ પહોંચપાવતી દર વખતે શબ્દોમાં જ વ્યક્ત નથી થતી એ સમજાયું ને! વળી વારંવાર આભાર માની કે ઔપચારિકતા દાખવી એની મીઠાશ ન ઘટે એ જોવું રહ્યું.આ રસીદના અમીછાંટણા ય બાગ ખીલવી શકે છે.એની હાજરી જેટલી સ્વયંભૂ તેટલી જ અસરકારક.વ્યક્તિ જેટલી ?નિખાલસ એટલી જ પહોંચપાવતી? તત્ક્ષણ અને આનંદ બક્ષનારી.. ઉંમર અને પ્રસંગોચિત આ રસીદ આંખ દ્વારા, સ્પર્શથી કે નાનકડી પંક્તિથી પહોંચાડી શકાય.કોઈવાર તો મીઠા ઠપકાથી પણ !!

આ પહોંચપાવતી એક ઉત્પ્રેરકનું કામ કરશે ,કામની ધગશ વધારશે , સંબંધોને ગાઢ બનાવવા તાણાવાણા ઉમેરશે અને આ બધું કરવા જોઈએ છે શું ??
એક? નિર્મળ, નિખાલસ મન !

ચાલો, તો પછી શુભસ્ય શીઘ્રમ!! આપવા માંડો પહોંચપાવતી ...
માયા દેસાઈ મુંબઈ ભારત.

---

## ડો બાબા ને વંદન :

નથી જોઈ જેણે સુખ શૈયા
ડો આંબેડકર હતા બંધારણ ના ઘડવૈયા
વોશિંગ્ટન ના હતા બીજા બુકર
કાયદા મંત્રી બન્યા હતા ડો આંબેડકર
ભીમરાવ હતા રામજી નું ચૌદમુ રત્ન
સર્વોચ્ચ પુરસ્કાર મળ્યો ભારત રત્ન
મુંબઈ ધારા સભા ના બન્યા હતા સભ્ય
ખેતી પ્રથા, ગુલામી, વતનદારી નું હતું લક્ષ્ય
નરેન્દ્ર મોદી કહે આંબેડકર વ્યક્તિ નહીં
બાબા છે જીવન જીવવાનો સુંદર સંકલ્પ
ડો બાબા એ આપ્યા છે ત્રણ સૂત્ર
શિક્ષિત, સંગઠિત બનો, કરો સંઘર્ષ
વાંચન નો આજે આપણ ને લાગે છે ભાર
ડો બાબા એ પુસ્તક ભેગા કર્યા બેહજાર
પર્યાવરણ ને સારા લાગે છે જંગલો
ગ્રંથાલય માટે બાબા એ બાંધ્યો બંગલો
સયાજી રાવ ની નોકરી વડોદરા સ્વીકારી
બહિસકૃત સંસ્થા બનાવી સમાજ હિતકારી
જન્મ થયો ૧૪ એપ્રિલ ૧૮૯૧
સ્વર્ગે સીધાવ્યા ૬ ડિસેમ્બર ૧૯૫૬
કવિ ગુલાબ આપે છે આપને અભિનદન
પુણ્ય તિથિ નિમિત્તે આપને કરે છે વંદન
ડો ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર





जुबलीहिल्स मे आयोजित एक समारोह मे भा.ज.पा. द्वारा जी.एच.एम.सी. चुनाव मे 4 से 48 पार्षद चुने जाने के शानदार प्रदर्शन के लिए बी.जे.पी. मेनीफेस्टो कमीटी चेयरमेन जी. विवेक, विधायक ठाकुर राजा सिंह का मिठाई खिलाकर अभिनंदन करते हुए लव फॉर काऊ फाउण्डेशन के चेयरमेन जसमत पटेल, ट्रस्टी नानजीभाई पटेल, जीवराम पटेल व रिद्धीश जागीरदार, साथ मे गुजराती समाज अध्यक्ष महेश पटेल, चंदुलाल पटेल, सुरेश पटेल, रामकृष्ण पटेल, तरूण महेता, दक्षा पटेल, पूजा पटेल, वैष्णवी पटेल एवं अन्य ।

### ગરીબો મંજુર થયેલ વીજ મીટર માલેતુજારના ઘરે લગાવી કરી હતી રોકડી

# મોડાસામાં મીટર કૌભાંડમાં સંડોવાયેલ જુનીયર ઈજનેર એસ.એન.પટેલ સસ્પેન્ડ

અરવલ્લી બ્યુરો મોડાસા

બીપીએલ લાભાર્થી, અનુસૂચિત જાતિ જન જાતિ ના જરૂરતમંદ પરીવારોને નિઃશુલ્ક વીજ મીટર આપવાનું અને આવા મીટરો ના વીજ બીલોમાં પણ સરકાર દ્વારા રાહત આપવાની ઝુંપડપટ્ટી વીજકરણ યોજના અમલમાં મૂકાઈ છે.પરંતુ આવા સાચા લાભાર્થી ઓનો હક ઝૂંટવી મોડાસા ટાઉન સબ ડિવિઝનમાં ફરજ બજાવતા જુનિયર ઈજનેર એસ એન પટેલે કેટલાક મળતીયાઓ સાથે મળી ગરીબોના ૮૦૦ થી વધુ વીજ મીટર પૈસાદાર લોકોના બંગ્લોઝમાં લગાવી દઈ લાખ્ખો રૂપિયા રોકડી કરી લેવામાં આવી હોવાની ફરિયાદ થતા વીજ વિભાગની મહેસાણા અને સર્કલ કચેરીના અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ હાથ ધરાયો હતો વિજિલન્સની તપાસ બાદ આખરે જુનિયર એન્જીનીયર એસ એન પટેલની સંડોવણી હોવાનું ખુલતા ચીફ એન્જીનીયર પી બી પંડ્યાએ તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેતા વીજતંત્રના કેટલાક લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે

ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડના ચીફ ઓફિસર પી બી પંડ્યાએ મોડાસા ટાઉન સબ ડિવિઝનમાં ફરજ બજાવતા જુનિયર એન્જીનીયર એસ.એન.પટેલને સરકારી સ્કીમના મીટર લાભાર્થીના ઘરે લાગવાના બદલે અન્ય લોકોના ઘરે લગાવી દેવામાં આવ્યા હોવાથી આર્થિક નુકશાન થતા અને બિલીંગ વિભાગના સિનિયર આસિસ્ટન્ટના લોગ ઈન આઈડી નો દૂર ઉપયોગ કરવા માટે સસ્પેન્ડ કરી મહેસાણા હેડ ઓફિસ પર તાત્કાલીક હાજર થવા ફરમાન કર્યું છે એક નજર કૌભાંડ પર ઝુંપડપટ્ટી વીજ કરણ યોજનામાં લાભાર્થીનો નગરપાલિકા કે ગ્રામ પંચાયતના દાખલાના આધારે નિઃશુલ્ક વીજ મીટર આપવામાં આવે છે.અને આવા મીટર ના બીલમાં યોજના હેઠળ લાભ પૂરો પડાય છે.પરંતુ મોડાસા નગર અને તેની આસપાસના વિસ્તારોમાં બહારથી આવેલ એક ઈજનેર ના છત્રછાયા નીચે ગેંણા અને મનસુરી તરીકે ઓળખાતા બે દલાલો દ્વારા આવા સંખ્યાબંધ મીટરો રૂ.૬ હજારમાં વેચી બંગલાઓમાં લગાવી દેવામાં આવ્યા હોવાની લેખીત ફરીયાદ વીજ વિભાગની ઉચ્ચ કચેરી મહેસાણા ખાતે કરાઈ હતી.આ અરજી કરનાર અરજદારે ઉચ્ચ અધિકારીઓને સચોટ અને પુરાવા સહિતની માહિતી પૂરી પાડતાં છેલ્લા એક અઠવાડીયામાં બે વાર વીજીલનસ તપાસ હાથ ધરાઈ હતી.

# વિચાર વિમર્શ.

## સફળતા

સફળતા મેળવવા માટે પહેલો નિયમ એ છે કે પરાજય માથી વિજય કેમ મેળવવો તે છે, નરમ અને ઉદાસ પાડી નાખે તેવી આપત્તિ થી,મુશ્કેલીમાથી માણસ જ્યાંરે મુઝાય ઉદવેગ પામે તે સમયે તેને ધીરજ અને હિમ્મત ધારણ કરવા જોઇયે અને નિસફળતા અને પરાજય નો સ્થિતિ માં થી બહાર નિકરવા માટે વિજય ના તત્વો ની શોધ કરવી જોઇયે.જેઓ સફળ થાય છે અને નિસફળ જાય છે તે બંને વચ્ચે નો તફાવત આમાથી નીકળે છે કોઈ પણ માણસની તુલના કે હોશિયારી તેની નિષ્ફળતાઉપર થી આંકી ના શકાય.તેની નિષ્ફળતા ના કારણો અને તે નિસફળતા તે વ્યક્તિ કેવી રીતે મૂલવે છે તે પણ જોવું જોઇયે તે નિસફળતા નો કેવી રીતે ઉપયોગ કરે છે તે પણ જોવું જોઇયે.નિસફળતા ને ભૂલી ને સફળતા તરફ કેવી રીતે પ્રયાણ કરે છે તે ખુબજ મહત્વ નું છે.કોઈપણ વ્યક્તિ ની નિસફળતા તે તેના જીવન નું દર્પણ છે તેની હોશિયારી આવડત તે માત્ર પરિણામ નથી વળી પરાજય એ તેની શક્તિ નું માપ નીકળતું નથી તેની નિસ્ફળતા પાછળ ના કારણો સમજવા જરૂરી છે .અને તેનું પૃથયકરન કરવું જરૂરી છે જે ભૂલો થઈ છે જે સંજોગો નડયા છે તે ફરીથી ના નડે તેનું ધાન રાખવું એટલું જ જરૂરી છે, ફરીથી જાગ્રત થઈ તે કામ માં વળગી જાવું જોઇયે અને સફળતા ના શિખર સર કરવા જોઇયે.

ભરત દવે ૬-૧૨

# સુરતમાં નવી ગાડીનાં આરટીઓ રજિસ્ટ્રેશનમાં કૌભાંડ: નકલી સિક્કો મારી કરોડોની ટેક્સ ચોરીની આશંકા

સુરત,તા.૬

સુરતની આરટીઓ દંડની બોગસ રસીદ કાંડ બાદ ફરી વિવાદમાં આવી છે, આ વખતે મનપા નકલી સિક્કા મારી રજીસ્ટ્રેશન પહેલા ભરવામાં આવતો રોડ ટેક્સન ની ચોરી નું કૌભાંડ બહાર આવ્યુ છે જોકે આ કૌભાંડમાં અધિકારી સાથે એજન્ટો ની સંડોવણી બહાર આવી છે જોકે છેલ્લા એકે વર્ષથી મનપા ને કરોડો રૂપિયાનો ચૂનો લગાવામાં આવ્યો છે જોકે એક અધિકારી નજર પડતા સિક્કા ને લઈને સમગ્ર મામલો સામે આવ્યો છે, ત્યારે હવે જો આ મામલે તપાસ કરવામાં આવે તો અનેક ઘટસ્ફોટ થઈ શકે છે. આ કૌભાંડમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે સુરત મનપાનો નકલી સિક્કો મારી લાખો રૂપિયાનો આજીવન રોડ ટેક્સ ચોરી કરી કરોડો રૂપિયા ન ભરવાનું કૌભાંડ સામે આવ્યુ છે.

નવી ખરીદીના વાહનની કિંમત ઉપર સરકારે નિયત કરેલો વાહનનો ટેક્સ ભરવો ન પડે તેથી વાહનના રજિસ્ટ્રેશન ફોર્મ ઉપર ટેક્સ પેઈડનો ડુપ્લીકેટ સિક્કો મારી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવી રહ્યો છે. આમ તો મનપાનો નકલી સિક્કો મારી સંખ્યાબંધ વાહન ટેક્સ ભર્યા વગર સુરતની આરટીઓમાં નોંધાઈ ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે પરંતુ હાલ જીજે-૦૫-આરકે ૮૫૨૦ નંબરનું વેહિકલ પાલિકાનો ટેક્સ ભર્યા વગર આરટીઓમાં નોંધણી થયું હોવાનું બહાર આવ્યું છે.

શહેરના પાલનપોર વિસ્તારના સરનામે દીપક મરથક નામના વાહન માલિકના નામે ખરીદાયેલી કિયા સોનેટ પાલિકાનો ટેક્સ ભર્યા વિના રજિસ્ટર્ડ થઈ હોવાનું બહાર આવ્યું છે. મહાનગરના નિયમો મુજબ રોડ ટ્રાન્સપોર્ટ વિભાગનો આ ટેક્સ સુરત શહેર તથા શહેરની પેરીફેરીમાં ૧૦ કિલોમીટર કિલોમીટરમાં ખરીદાઈને નોંધણી પામતા તમામ વાહનો પાસેથી રોડ ટેક્સ વસૂલવામાં આવે છે . જોકે, આ ટેક્સની ચોરી કરવાનો કિમીયો પણ ઠગ લોકોએ શોધી કાઢ્યો હોય તેવું લાગી રહ્યું છે જ્યાં સુરત મહાનગર પાલિકાનો નકલી સિક્કો મારી અને વાહનને બારોબાર ટેક્સ ભરાયેલા વાહનની શ્રેણીમાં મૂકી દેવાય છે.

### રક્ષા મંત્રાલયે મ્યૂઝિયમ બનાવવાની માંગણી ફગાવી

# આઈએનએસ વિરાટ અલંગમા જ થશે ભસ્મીભૂત

ભાવનગર,તા.૬

અલંગમાં ભાંગવા આવેલા જહાજ આઈએનએસ વિરાટને મ્યૂઝિયમમા ફેરવવાની માંગ ફગાવાઈ છે. કેન્દ્રીય રક્ષા મંત્રાલયે મ્યૂઝિયમમાં ફેરવવાની માંગ ફગાવી દીધી છે. આઈએનએસ વિરાટ હવે અલંગમા જ ભસ્મીભૂત થશે. સપ્ટેમ્બર માસમા અલંગ (ફ્ૐફહપ્ર) માં ભાંગવા આવેલ જહાજ હજુ કિનારાથી દૂર છે. તેને મ્યૂઝિયમ બનાવવા માટેની માંગ સાથે મુંબઈની એક કંપનીએ ખરીદવા તૈયારી દર્શાવી હતી.

હવે માંગ ફગાવી દેતા ૪ માસથી દરિયામાં ઉભેલા જહાજને આખરે પ્લોટમાં જ ભાંગવાની શરૂઆત કરાશે. જહાજ ખરીદીને સંગ્રહાલયમાં ફેરવવા માટે મુંબઈ સ્થિત કંપની એન્વીટેક મરિન તૈયાર થઈ હતી. અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ નં.૯માં ૨૮મી સપ્ટેમ્બરના રોજ બીચ થયેલા વિરાટને મ્યૂઝિયમમાં તબદીલ કરવા માટે મુંબઈની એન્વીટેક મરિન કન્સલટન્ટ પ્રા.લિ. દ્વારા મુંબઈ હાઈકોર્ટમાં રીટ પિટીશન દાખલ કરવામાં આવી હતી.

કોર્ટ દ્વારા પીટીશનનો નીકાલ કરતા જણાવ્યુ હતુ કે, અરજદાર અને અંતિમ ખરીદનાર રાજી હોય તો અમને કોઇ વાંધો નથી, જરૂરી સરકારી પરવાનગીઓ લઇ જહાજનો નિર્ણય લઇ શકાય. થેંક્યું વિરાતના કાર્યક્રમમાં આવેલા કેન્દ્રીય શિપિંગ મંત્રી મનસુખ મંડવ્યા એ જાહેરમાં કહ્યું હતું કે આ જહાજ ૭૦ વર્ષ જૂનું હોય એક્સપર્ટ ના અભિપ્રાય મુજબ તેને મ્યુઝિયમમાં ફેરવી શકાય નહીં અને જો ફેરવાય તો મોટો અકસ્માત થવાની સંભાવના છે.

# નસવાડીમાં આચાર્યની હત્યા કરનારા શિક્ષકે પણ આપઘાત કર્યો

નસવાડી,તા.૬

છોટાઉદેપુર જિલ્લાના નસવાડીમાં લિંડા સ્કૂલના આચાર્ય પિતરાઈ ભાઇની હત્યા કરનાર આરોપી શિક્ષકે કુવામાં કૂદીને આપઘાત કર્યો છે. આચાર્યની હત્યાના ત્રીજા દિવસે આજે નસવાડીની અશ્વિન નદી પાસે હરીપુરાની સીમના અવાવરું કુવામાંથી મળ્યો છે. પિતરાઈ ભાઇની હત્યા કર્યા બાદ પોતાની ભૂલની ભાન થતાં લાગી આવતા શિક્ષકે આપઘાત કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. નસવાડી પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. નસવાડીના રામદેવનગર સોસાયટીમાં ૪ ડિસેમ્બરે લિંડા મોડલ સ્કૂલના આચાર્ય મેરામણ પીઠિયાની હત્યાથી ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં કોલંબા પ્રાથમિક શાળાના શિક્ષક પીઠિયાએ તેના જ ગળા, છાતી અને માથાના ભાગે ઘા મારીને તેના પિતરાઈ ભાઇ મેરામણ પીઠિયાની હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું.

હુમલાખોર ભરત પીઠિયાએ આચાર્ય, તેમના પત્ની કાજલ અને દોઢ વર્ષની પુત્રી ઝાહલ ઉપર હુમલો કર્યો હતો, જેમાં પત્ની અને દીકરી ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ નસવાડી પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન આરોપી ભરત પીઠિયા ફરાર થઈ ગયો હતો. અને આજે ત્રીજા દિવસે ભરત પીઠિયાનો મૃતદેહ હરીપુરાની સીમના અવાવરું કુવામાંથી મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ નસવાડી પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી અને ભરત પીઠિયાનો મૃતદેહ ૧૦૦ ફૂટ ઊંડા કુવામાંથી બહાર કાઢ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. જોકે ભરત પીઠિયાએ આપઘાત કરતા મેરામણ પીઠિયાની હત્યાનું કારણ બહાર આવી શક્યુ નથી. પોલીસે મૃતક મેરામણ પીઠિયાની પત્નીની પણ પૂછપરછ શરૂ કરી છે.

# એમસીએક્સને રબર વાયદા કોન્ટ્રેક્ટ્સ શરૂ કરવા માટે મળી સેબીની મંજૂરી

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સને બજારના નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની કુદરતી રબરમાં વાયદા કામકાજ શરૂ કરવા માટે મંજૂરી મળી છે. હવે એમસીએક્સ પર ટૂંક સમયમાં રબરના વાયદામાં કામકાજ શરૂ થઈ શકે છે.

દેશમાં કુદરતી રબરના ઉત્પાદન અને આયાતના સંદર્ભમાં મોટા બજારને ધ્યાનમાં રાખતા બજારના સહભાગીઓ માટે આ રબરના વાયદાનું વિશેષ મહત્વ છે. રબર વાયદા કામકાજ શરૂ થવાથી રબરના ઉત્પાદકો, ટ્રેડર્સ, નિકાસકારો, આયાતકારો અને અંતિમ વપરાશકાર તરીકે આ માલનો ઉપયોગ કરનારા ઉદ્યોગો સહિત સંબંધિત પક્ષોને રબરના ભાવમાં વધઘટના જોખમ સામે સુરક્ષા પ્રાપ્ત કરવા માટે મદદ મળશે.

કુદરતી રબર, હેવિયા બ્રેસિલિએન્સિસ વૃક્ષોને લેટેક્સમાંથી બનાવવામાં આવેલા ઈલાસ્ટિક પોલિમર પદાર્થ છે. તેને વૃક્ષના દોહન કરવાની પ્રક્રિયા મારફત એકત્રિત કરવામાં આવે છે અને તેને શુદ્ધ કરીને સંગ્રહ કરી શકાય એવા વ્યવસાયિક સ્વરૂપમાં પરિવર્તિત કરવામાં આવે છે. તેના પ્લાન્ટેશનમાં છઠ્ઠા વર્ષ પછી તેની ઊપજ શરૂ થાય છે, તેનું આર્થિકરીતેઆયુષ્ય ૩૨ વર્ષનું હોય છે.

હાલના દસકામાં વિશ્વભરમાં કુદરતી રબરના વપરાશમાં સતત વૃદ્ધિ થઈ છે અને કાચા માલની માગ માટે એશિયા વિકાસની કેડી પર આગળ વધી રહ્યું છે. થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, ભારત, ચીન, મલેશિયા, વિયેટનામ રબરના મુખ્ય ઉત્પાદકો છે.

ભારત કુદરતી રબર ઉત્પાદનમાં છઠ્ઠા અને વિશ્વમાં ઉપયોગમાં બીજા સ્થાને છે. જોકે, દેશનો કુલ વપરાશ ઉત્પાદનથી વધુ છે, પરંતુ ભારત જ્યારે પણ આંતરરાષ્ટ્રીય બજાર અને સ્થાનિક બજાર વચ્ચે ભાવમાં તફાવત હોય છે, ત્યારે કુદરતી રબરની નિકાસ કરે છે.

ટાયરના નિર્માણ ક્ષેત્રમાં વૈશ્વિક રબર ઉત્પાદનનો લગભગ ૫૦થી ૬૦ ટકા હિસ્સાનો ઉપયોગ થાય છે. આ ક્ષેત્રમાં કુદરતી કે સિન્થેટિક રબરનો ઉપયોગ અલગ-અલગ કરી શકાતો નથી, તેનું મિશ્રણ કરવું પડે છે.

રબરનો ઉપયોગ વિભિન્ન ઉદ્યોગો જેમ કે ઓટોમોબાઈલ, એયરોનોટિક્સ, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, મટીરિયલ હેન્ડલિંગ, આરોગ્ય સંભાળ, પાવર ટ્રાન્સમિશનના ઉપયોગમાં કરવામાં આવે છે અને તેના અન્ય ઘણા ઉપયોગો પણ છે.

રબરના ભાવને અસરકરતાં પરીબળોમાં વૈશ્વિક અને ઘરેલૂ ઉત્પાદન, વૈશ્વિક અને ઘરેલૂ વપરાશ, મોસમની સ્થિતિ, કેરીઓવર સ્ટોકની સ્થિતિ, કરન્સી બજારની વધઘટ, ક્રૂડ તેલના ભાવનો સમાવેશ થાય છે.

રબરના સૌથી મોટા ખરીદદાર ચીનમાં વપરાશકારોની માગમાં મજબૂત સુધારો અને દક્ષિણ પૂર્વ એશિયાથી ઓછા પુરવઠાને લીધે રબર છ વર્ષની ઊંચાઈ પર પહોંચ્યું છે. થાઈલેન્ડમાં ફિઝીકલ રબરના ભાવ ધીમા ઉત્પાદન અને ચીનની મજબૂત માગને પ્રતિબિંબિત કરવા માટે ટેકો પૂરો પાડે છે. વૈશ્વિક સ્તર પર, પાંદડા ખરવા ઉપરાંત દક્ષિણ-પૂર્વ એશિયામાં ઘોડાપૂરથી રબર ઉત્પાદનને અસર થઈ છે. એએનઆરપીસીના આંકડાથી માલૂમ પડે છે કે આ વર્ષ જાન્યુઆરી-ઓગસ્ટમાં વૈશ્વિક રબર ઉત્પાદન ૮.૭ ટકા ઘટી ૭.૭૮ મિલિયન ટનનું રહી ગયું છે. એસોસિયેશનનો અંદાજ છે કે ઉત્પાદન ૬.૮ ટકા ઓછું રહી ૧૨.૯૦ મિલિયન ટનનું રહેશે. ભારતમાં, રબર બોર્ડના આંકડાથી માલૂમ પડે છે કે આ વર્ષ એપ્રિલ-જુલાઈમાં ઉત્પાદન ૧.૩૪ લાખ ટન ઓછું ૨૬.૮ ટકા હતું. થાઈલેન્ડના રબરના બગીચામાં પાંદડા ખરવાના રોગ ભારતીય ઉત્પાદકો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે.

રબરના વાયદા કોન્ટ્રેક્ટ્સ શરૂ થવાથી ભાવની વધઘટના જોખમ સામે સુરક્ષા પ્રાપ્ત થશે. રબરના આ વાયદા કોન્ટ્રેક્ટ્સમાં સંભાવિત કોન્ટ્રેક્ટ્સના ધારાધોરણોની વિશેષતાઓ પર એક નજર કરીએ તો, તેનો બજારનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીનો રહેશે. ભાવનું ક્વોટ ક્વિન્ટલ (૧૦૦ કિ.ગ્રા.)દીઠ રૂપિયામાં રહેશે. ડિલિવરી અને ટ્રેડિંગ માટે લોટ સાઈઝ ૧ મે.ટન (૧૦૦૦ કિ.ગ્રા.)નું હશે. કોન્ટ્રેક્ટનું અંદાજિત મૂલ્ય ક્વિન્ટલદીઠ રૂ.૧૬,૦૦૦ના હિસાબે ૧ મે.ટનના રૂ.૧,૬૦,૦૦૦નું થવા જાય છે. તેની ટિક સાઈઝ રૂ.૧ની રહેશે. ટિકદીઠ રૂ.૧૦નો નફો/નુકસાન થશે. દૈનિક ભાવ મર્યાદા ૪ ટકાની અને અંદાજે પ્રારંભિક માર્જિન ૮ ટકાનું હશે. તેમાં ટ્રાન્ઝેક્શન ચાર્જિસ રૂ.૩૫૦ કરોડના ટર્નઓવર સુધી લાખદીઠ રૂ.૨.૬૦નું, રૂ.૩૫૦ કરોડથી વધુના ટર્નઓવર પર લાખદીઠ રૂ.૧.૭૫ અને દૂરની ડિલિવરીના કોન્ટ્રેક્ટ્સમાં લાખદીઠ રૂ.૧.૩૦નો ટ્રાન્ઝેક્શન ચાર્જિસ લાગુ પડશે. મૂળ ડિલિવરી કેન્દ્ર પલક્કડ (કેરળ) હશે અને આ કોન્ટ્રેક્ટ ફરજિયાત ડિલિવરીના હશે.

## થરાદ શહેર ભાજપ દ્વારા જીલ્લાના ઉપપ્રમુખ બનવા બદલ ચંદ્રીકાબેન પટેલનું સન્માન કરાયું



બનાસકાંઠા જિલ્લા ભાજપ ની નવી ટીમ ની નિયુક્તિ કરવામા આવી હતી જેમા થરાદ ના ચંદ્રીકાબેન પટેલ ને જીલ્લા ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ થતા થરાદ શહેર ભાજપ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ.

કાર્યક્રમ ના અંતે થરાદ વોર્ડ ૪ મા પેજ સમિતિ નુ સૌપ્રથણ કામ પુરુ કરનાર પ્રકાશભાઇ સોની એ પેજ સમિતિ મંડળના પ્રમુખશ્રી ચંપકલાલ ત્રિવેદી ને સુપરત કરી હતી.

આ પ્રસંગે જીલ્લા ઉપપ્રમુખ ચંદ્રીકાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ચંપકલાલ ત્રિવેદી, શહેર મહામંત્રી પ્રકાશભાઇ સોની, જેહાભાઇ હડીયલ, કોકીલાબેન બેન પ્રજાપતિ, પુર્વ મહામંત્રી પ્રતાપભાઇ સોની, લવજીભાઇ વાણીયા, રીતેશભાઇ પ્રજાપતિ, રાઠોડ કલાવતીબેન, દીપીકાબેન પટેલ, મંજુલાબેન દરજી, હીરાભાઇ પ્રજાપતિ, મહેશભાઇ વાણિયા, ભરતભાઇ પટેલ, હીતેશભાઇ વાણીયા, કપિલાબેન દવે, દિનેશભાઈ અને થરાદ શહેર ભાજપ ની આખી ટીમ ઉપસ્થિત રહી હતી

## ઉધના પોલીસ સ્ટેશનનના મહિલા પીએસઆઈએ સર્વિસ રિવોલ્વરથી આપઘાત



સુરત.

ઉધના વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈએ આપઘાત કરી લેતા ચકચાર . મહિલા પીએસઆઈ અનિતા જોશીએ પોતાના રહેણાંક ક્વાર્ટર ખાતે આપઘાત કર્યો . સર્વિસ રિવોલ્વરથી ગોળી ચલાવીને આપઘાત કરી લીધો છે.

મહિલા પીએસઆઈના આપઘાતના પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. ઉધના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પી.એસ.આઇ અનિતા જોશી ઈન્વેસ્ટીગેશન ચાર્મા પીએસઆઈ તરીકે ફરજ બજાવતા . ફાલસાવાડી ખાતે રહેતા . પરિણીત અનિતા જોશીને એક બાળક પણ છે. અનિતા જોશીના આપઘાતના પગલે સમગ્ર પોલીસ મહેકમામાં ચકચાર મચી છે.



**ૐ શાંતિ, સંયમ, સાદગી, સંઘર્ષ અને સમર્પણનું સાક્ષાત સ્વરૂપ એવા સ્વ.શ્રી અહમદ પટેલ જી અનંત યાત્રાએ આગળ ધપી ગયા, આજરોજ એમની સ્મૃતિમાં આયોજિત પ્રાર્થના સભામાં પુષ્પાંજલિ અર્પણ કરતા વિપક્ષ નેતાશ્રી પરેશભાઈ ધાનાણી. ઈશ્વર એમના આત્માને શાશ્વત શાંતી અપ એવી અંતર મનથી પ્રાર્થના..**



**ભારતના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની પૂણ્યતિથિ પર મેયરશ્રી રીટાબેન પટેલ અને મહાનુભાવો દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતાં.**

# પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી



## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ધાનેરા મુકામે રૂ.૨૪૧.૩૪ કરોડના પીવાના પાણીના કામોનું ખાતમુહૂર્ત કરાયું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મુકામે નર્મદા આધારિત કુલ-૪ જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાના રૂ.૨૪૧.૩૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોના લીધે ધાનેરા, દાંતીવાડા અને ડીસા તાલુકાના ૧૧૯ ગામો અને ધાનેરા શહેરની ૩,૯૧,૦૦૦ વસ્તીને પીવાના શુદ્ધ પાણીનો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યું કે પ્રજાની સુવિધા, સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમ રીતે કટિબદ્ધ છે. કોરોના સંક્રમણ કાળમાં પણ ગુજરાતની વિકાસયાત્રા અટકી નથી એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે પ્રજાકલ્યાણ માટે મજબૂત ઈચ્છાશક્તિ અને સુદ્રઢ આયોજનના લીધે વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ અમે જ કરીએ છીએ. તેમણે કહ્યું કે સરકારશ્રીના દરેક અભિગમ અને અભિયાનમાં પ્રચંડ જનસમર્થન મળે છે પરિણામે તમામ ક્ષેત્રોમાં વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠા જિલ્લા માટે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે, રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ડીસા અને લાખણી તાલુકાના ૧૫૬ ગામોને નર્મદાનું પાણી અપાશે. તેમણે કહ્યું કે, દાંતા અને પાલનપુરના ૧૫૨ ગામો માટે ધરોઈ ડેમ આધારીત સુધારણા યોજનાના રૂ. ૭૧ કરોડના કામો કરાશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગુજરાતને વૈશ્વિક કક્ષાએ મોડેલ સ્ટેટ બનાવવું છે. ગુજરાતના જળ ભંડારને સમૃધ્ધ બનાવવા દર વરસે સુજલામ સુફલામ યોજના દ્વારા વિરાટ પ્રયાસો કરવામાં આવે છે પરિણામે આવનારા દિવસોમાં ગુજરાત પાણીદાર બનશે. છેલ્લાં ચાર-પાંચ માસમાં ગુજરાતમાં રૂ.૧૭,૦૦૦ કરોડથી વધુ રકમના વિકાસકામોનુ લોકાર્પણ અને ખાતમુર્હત કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના લોકોએ ભૂતકાળમાં પાણી માટે અપાર મુશ્કેલીઓ વેઠી છે પરંતુ હવે રાજ્ય સરકારના પ્રજા કલ્યાણ માટેના વિરાટ અભિયાનની લીધે બનાસકાંઠામાં પીવાના પાણીની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઇ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં છેવાડાના વિસ્તારો સુધી ઘેર ઘેર નલ થી જળ અભિયાન દ્વારા પાણી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે.

સાંસદશ્રી પરબતભાઇ પટેલે જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના નીરની પધરામણી થઇ હતી પરિણામે લોકોની આવક, સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થયો છે. તેમણે કહ્યું કે આ સરકારે પીવાના પાણી સહિત જરૂરી તમામ વિકાસકામો મોટા પ્રમાણમાં કર્યા છે.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન પાણી પુરવઠા વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરીશ્રી ધનંજય દ્વિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી શશીકાંતભાઈ પંડ્યા, શ્રી કિર્તીસિહ વાઘેલા અને શ્રી નાથાભાઇ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ગુમાનસિંહ વાઘેલા, પૂર્વ મંત્રીશ્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી મફતલાલ પુરોહિત, કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, પ્રાંત અધિકારીશ્રી યોગેશ ઠક્કર, પાણી પુરવઠા બોર્ડના અધિક્ષક ઈજનેરશ્રી આર.એમ.મહેરીયા, કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એમ. બુંબડીયા અને શ્રી મામતોરા સહિત અધિકારીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં જળવાયેલ સોશ્યલ ડિસ્ટન્સની મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરી

કાર્યક્રમમાં સ્ટેજ ઉપર તથા બેઠક વ્યવસ્થામાં બ્લોક બનાવી લોકો માટે થોડા થોડા અંતરે ખુરશીઓ મુકવામાં આવી હતી પરિણામે સોશ્યલ ડિસ્ટનસ ખૂબ સારી રીતે જળવાયુ હતું. ઉપરાંત માસ્ક અને સેનેટાઈઝર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાયા હતા. જેની નોંધ લઇ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ પોતાના પ્રવચનમાં આ સુંદર આયોજનની સરાહના કરી અભિનંદન પાઠવી જિલ્લા વહીવટીતંત્ર અને લોકોને બિરદાવ્યા હતા.

### કૃષિ બિલના વિરોધમાં ગુજરાત કોંગ્રેસના ગાંધીનગરમાં ધરણા

## સાતવે કહ્યું- ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ના બંધમાં જોડાવવું જ પડશે

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસ દ્વારા ખેડૂત આંદોલનના સમર્થનમાં પ્રતિક ઉપવાસ અને ધરણા શરૂ કરાયા છે. જેમાં કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ, અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીની ઉપસ્થિતિમાં ધરણા શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ ધરણામાં કોવિડની ગાઇડલાઇનનું પાલન થતું જોવા મળ્યું નથી. સાથે જ સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. ખેડૂત આંદોલન:કૃષિ બિલના વિરોધમાં ગુજરાત કોંગ્રેસના ગાંધીનગરમાં ધરણા, સાતવે કહ્યું- ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ના બંધમાં જોડાવવું જ પડશે. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં આજે રવિવારે ગુજરાત કોંગ્રેસ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. એક દિવસના પ્રતીક ઉપવાસની ૫૦ લોકોની સંખ્યાની મર્યાદામાં ગાઈડલાઈન પાલનની પોલીસ મંજૂરી સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ, પાર્ટીના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, હાર્દિક પટેલ સહિતના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ ઉપવાસ પર બેઠા છે. આ દરમિયાન રાજીવ સાતવે કહ્યું કે, ૭/૧૨નાં ઉતારા રાખવા હોય તો ૮/૧૨ ના બંધના એલાનમાં જોડાવવું જ પડશે. ગુજરાત કોંગ્રેસના પ્રદર્શનને પગલે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી પોલીસ છાવણીમાં ફેરવી દેવાઈ હતી. વધુ લોકોની મંજૂરી ન હોવાથી પાલન થાય તેને લઈ ૫ જેટલા પોલીસ ઈન્સપેક્ટર સહિત ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર પ્રાંત કલેક્ટર પણ ખાસ હાજર રહ્યાં હતા. આ તકે ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે ખેડૂતો સંગઠનો દ્વારા બોલાવવામાં આવેલા ભારત બંધમાં કોંગ્રેસ પણ સામેલ થશે તેમ જણાવ્યું હતું. નોંધનીય છે કે શુક્રવારે પણ ગુજરાત કોંગ્રેસે જિલ્લા મુખ્ય મથકો પર ધરણાં કર્યાં હતા. કોંગ્રેસ નેતાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા નવા કૃષિ કાયદાને પરત લેવાની માંગ કરી હતી. ૮/૧૨ ના બંધના એલાનમાં જોડાવવું જ પડશે. આ બિલ લોકસભા-રાજ્યસભા આવ્યું ત્યારે સરકારે કહ્યું હતું ખેડૂત ગમે ત્યાં ખેત પેદાશ વેચી નહી શકે. બે રાજ્ય હરિયાણા અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ આ સ્પષ્ટ કર્યું છે. તો શું હવે ગુજરાતનો ખેડૂત મધ્યપ્રદેશમાં ખેત પેદાશ નહિં વેચી શકે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ ખેડૂતોને જેલમાં નાખવાની વાત કરી છે. છેલ્લા ૬ વર્ષમાં કેન્દ્ર સરકારે એક પણ સારું કામ ખેડૂતો માટે કર્યું નથી.હવે ત્રણ કાળા કાયદા કેન્દ્ર સરકાર લઈને આવી છે. ખેડૂતોને શું જોઈએ છે તે ખેડૂતોને પૂછવાની જરૂર હતી. MSP( મિનિમમ સપોર્ટ પ્રાઈસ) ની વાતમાં અનેક રાજ્યના ખેડૂતો જાગ્યા છે. અમે અનેકવાર કહ્યું ખેડૂતોની વાત સંભાળવાની જરૂર છે તો અમને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા. ગુજરાતમાં ખેડૂતોને પાક વીમો નથી મળ્યો અને અનેક જિલ્લા તાલુકામાં વધારે વરસાદ થવાથી પાકને નુકસાન થયું છે. રાજ્ય સરકારે ખેડૂતોને વળતર પણ આપ્યું નથી.

## સિવિલમાં કોરોનાનો કહેર: કોરોનાથી વધુ ૧૨નાં મોત થતા ચકચાર

અમદાવાદ,તા.૬

શનિવાર સાંજ સુધીમાં સિવિલ હોસ્પિટલમાંથી વધુ ૧૨ દર્દીના મૃત્યુ નીપજ્યા છે અને આ સાથે એક જ સપ્તાહમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલાઓનો આંક ૧૪૫ થયો છે. શનિવારે બપોરે પણ સિવિલના કોવિડ ડેડબોડી વિભાગ પાસેથી સવારથી જ મોટી સંખ્યામાં મૃતકોના સગાં-સંબંધી નજરે પડયા હતા. સિવિલમાં ડેડબોડી લેવા માટે કતારો લાગી રહી છે. જોકે સંવેદના ગુમાવી ચૂકેલી ગુજરાત સરકાર જાણે 'લોકો ભલે મરતાં હોય તો મરે'ની નીતિ અપનાવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

સિવિલમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલાઓની સંખ્યા વધુ હોવાને કારણે શબવાહિની ખૂટી પડે છે અને મૃતકોના સગાંઓને એમ્બ્યુલન્સમાં મૃતદેહ લઈ જવા પડે છે. સ્મશાનમાં પણ અંતિમ વિધિ માટે વેઈટિંગ હોવાથી દર્દીના સગાંઓને રાહ જોવી પડે છે. સિવિલમાં કોરોનાને કારણે ટપોટપ મોતનો સિલસિલો યથાવત જોવા મળે છે અને તેને રોકવા માટે નક્કર પગલાં લેવામાં સિવિલના સત્તાવાળાઓ સરિયામ નિષ્ફળનીવડયા હોય એવું માનવામાં આવે છે. ખાનગી હોસ્પિટલમાં ગંભીર પ્રકારના કેસ સિવિલમાં ટ્રાન્સફર કરી દેવાય છે, સિવિલમાં સ્ટાફ ઓછો હોવાના કારણો આગળ ધરીને સિવિલના સત્તાવાળાઓ 'પાંગળો બચાવ' કરી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં કોરોનાના એક મહિલા દર્દીને કોરોનાનો રીપોર્ટ નેગેટિવ દર્શાવીને ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા પછી ૧૨ દિવસ બાદ મહિલાનું મોત નીપજયું હતું. સિવિલ સત્તાવાળાઓની ઘોર બેદરકારીને કારણે ૭૩ વર્ષના લતાબેન બ્રહ્મભટ્ટે જીવ ગુમાવવો પડયો હોવાનો લતાબેનના સગાંઓએ આક્ષેપ કર્યો છે.

## ગુજરાત હાઈકોર્ટના જજ ઉધવાનીના અવસાનને પગલે આજે હાઈકોર્ટ સહિત તમામ કોર્ટ બંધ રહેશે

અમદાવાદ,તા.૬

ગુજરાત હાઈકોર્ટના સીટીંગ જજ જસ્ટિસ જી.આર. ઉધવાનીના અવસાનના શોકમાં રાજ્યની તમામ કોર્ટ અને તેમની કચેરીઓ આવતીકાલે સોમવારે બંધ રહેશે. ગુજરાત હાઈકોર્ટની રજીસ્ટ્રી દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાત હાઈકોર્ટના જજના અવસાન બદલ તમામ કોર્ટ બંધ રહેશે. હાઈકોર્ટ ચીફ જસ્ટિસ વિક્રમનાથ પણ ૭મી ડિસેમ્બરથી ૧૧મી ડિસેમ્બર સુધી ઉપલબ્ધ નથી. આ સિવાય જસ્ટિસ જી.આર. ઉધવાનીના ૭ અને ૮ ડિસેમ્બરના રોસ્ટરમાં લાગેલા કેસ જસ્ટિસ વી.એમ. પંચોલી સાંભળશે.



મૂળ અમદાવાદના વતની જસ્ટિસ જી.આર. ઉધવાનીએ ૧૯૮૬માં એલ.એ લો કોલેજમાંથી એલએલબી કર્યું હતુ. ૧૯૮૭માં તેમણે વકીલાત તરીકેની પ્રેક્ટીસ શરૂ કરી હતી. વર્ષ ૧૯૯૭માં અમદાવાદ સીટી સિવિલ અને સેશન્સ કોર્ટના જજ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. જસ્ટિસ જી.આર. ઉધવાનીની વર્ષ ૨૦૦૪માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. ૨૦૧૧ થી ૨૦૧૨ વચ્ચે તેઓ ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પણ રહી ચૂક્યા છે. ૫ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જી.આર. ઉધવાનીનું કોરોનાથી નિધન થયું હતું. તેમની એક સપ્તાથી સારવાર ચાલતી હતી. શુક્રવારથી તેઓ વેન્ટિલેટર પર હતા.

૫૯ વર્ષીય જસ્ટિસ ઉધવાની સહિત ૩ જજનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ત્રણ જજ કોરોના સંક્રમિત થયા હતા, જેમાં જસ્ટિસ એસી રાવ, જસ્ટિસ જી.આર. ઉધવાણી અને જસ્ટિસ આર.એમ. સરીન કોરોના સંક્રમિત થયા હતા. આ પહેલાં હાઈકોર્ટના રજિસ્ટ્રી વિભાગના અનેક કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા હતા.

## રાજ્યમાં હવે ટ્રાફિક દંડ વાહન માલિક પાસેથી નહીં પરંતુ ચાલક પાસેથી વસુલાશે



ગાંધીનગર,તા.૬

રાજ્ય સરકારે મોટર વાહન અધિનિયમ હેઠળ નક્કી કરેલા ટ્રાફિક ગુનામાં વસૂલાતના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે ટ્રાફિક ગુના માટે માત્ર જવાબદાર હોય તે વ્યક્તિ પાસેથી જ દંડ વસૂલ કરવાનો નિર્ણય કર્યો છે. આ પહેલા ટ્રાફિક ગુનાઓમાં દંડની વસૂલાત વખતે ડ્રાયવર, કંડક્ટર, વાહન માલિક કે પેસેન્જર પાસેથી ડબલ દંડ વસૂલાતો હતો હવે જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસૂલાશે. માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને આરટીઓ સંબંધિત કામગીરીઓમાં સરળતા લાવવા ભારત સરકારના મોટર વ્હીકલ્સ એક્ટ પ્રમાણે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં સુધારા કરવામાં આવ્યા છે.

જેમાં સુધારા કરવા માટે ગુજરાત સરકારે પણ અનેક પગલા લીધા છે. જેમા લોકોને બિન જરૂરી પરેશાની ન થાય તેને ધ્યાને લેવામાં આવ્યું છે. નવા કાયદાના અમલીકરણના અનુસંધાને ટ્રાફિક ગુનાઓમાં સ્થળ, દંડ ફીના સરળ દરો અમલી બનાવ્યા છે. ટ્રાફિક ગુનાઓમાં ખરેખર જવાબદાર ડ્રાઈવર, માલિક તે વાહન સંબંધિત જવાબદારીઓ કાયદાકીય જોગવાઈઓ પ્રમાણે ગૂંચવાડા ન થાય તે હેતુથી ટ્રાફિક ગુનાઓ માટે ખરેખર જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસૂલવામાં આવશે. એટલે કે વાહન ચલાવતા વ્યક્તિ પાસેથી જ દંડ વસૂલવામાં આવશે.

આ નિયમની અમલવારી પ્રમાણે, અમુસ જોગવાઈઓ સિવાય મોટાભાગના ગુનાઓ માટે વાહનમાલિક, ડ્રાઈવર, કંડક્ટર કે પેસેન્જર પાસેથી ડબલ દંડના બદલે ગુના માટે જવાબદાર વ્યક્તિ પાસેથી દંડ વસુલવામાં આવશે. આ નિર્ણયથી જાહેર જનતાની ટ્રાફિક અંગેની સભાનતા વધશે અને દંડની વસુલાતમાં પારદર્શિતા આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.